


## સલામી સવારની..

*વીસ વરસથી રોજ સવારે સલામ ભરી છે!*
*હાઈકુ-મયૂરે, તમારે ચોક કલામ કરી છે!*
*એલાર્મ ધરી જ્ઞાન-ચિંતનની ખણી છે ચૂંટલી -*
*ને નિત્ય બોધકથામાં થોડી ભલામણ ખરી છે!*
*('સુપ્રભાતમ્' આજે ૨૦ વર્ષ પૂરાં કરે છે)*

*સુજ્ઞ વાચકો,*
*આભાર છે આપનો -*
*હૃદય-પૂર્વક...*

*આપ્યાં પ્રેરણા -*
*પ્રેમ ને પ્રોત્સાહન,*
*વંદન સૌને...*

### ચિંતન

*વ્યસને મિત્ર પરીક્ષા શૂર પરીક્ષા રણાંગણે ભવતિ ।*
*વિનયે છાત્ર પરીક્ષા દાન પરીક્ષા તુ દુર્ભિક્ષે ॥*

સંકટ સમયે મિત્રનું પારખું થાય છે. સૂરવીરનું પારખું યુદ્ધભૂમિમાં થાય છે. વિનય-વિવેકમાં વિદ્યાર્થીની પરીક્ષા થાય છે. દુકાળ સમયે દાનવીરનું પારખું થાય છે.

જીવનમાં એવા સંજોગ અને પરિસ્થિતિઓ આવીને ઊભી રહે છે ત્યારે આપણી આસપાસના સગાં-સંબંધી-સ્નેહી મિત્રોની સાચી ઓળખ થાય છે. ઘણીવાર લૂખ્ખાં આશ્વાસન આપનારા કે કામ પુરું થયેલું જોઈએ પછી હાથ લૂછવા આવનારા લોકો પણ સમય પર પરખાઈ જાય છે. રામચરિતમાં તુલસીજીએ પણ આવા પ્રકારની જ એક ચોપાઈ લખી છે સ્નેહી સંબંધી મિત્ર - અરૂ નારી આપદ્ કાલ પરિખેઉ ચારી.

એવી જ રીતે વીર, વિદ્યાર્થી, દાનવીર પણ પ્રસંગોપાત પરખાઈ જાય છે.

### સુવિચાર

- દરેક સફળતા પાછળ એક હિંમતભર્યો નિર્ણય હોય છે,
  અને તે કોઈ પણ ઉંમરે લઈ શકાય છે - **ટોમ બટલર**
- બોલ જો એવું કે 'ઘા' ન પડે... 'પડઘા' પડે - **ડોંગરેજી મહારાજ**
- એકલા હોવ ત્યારે વિચાર પર કાબુ રાખવો...
  સંગાથમાં હોવ ત્યારે શબ્દો પર કાબુ રાખવો - **મુંબઈ સમાચાર**
- જીવન મરણમાં બહુ જૂજ છે તફાવત... કોઈ મરે જીવનમાં, જીવે કોઈ કબરમાં... - **ચીનુ મોદી**
- અરમાન એટલા પણ ઊંચા ન હોવા જોઈએ કે સ્વમાન ગીરવે મૂકવું પડે... બાકી જાત આખી વેચી માર્યે પણ શોખ અધૂરા જ રહી જાય - **સોનલ પરીખ**
- આઘા રહીએ તો આઘાત ન લાગે - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : મરીનું ચૂર્ણ બહેડાના ચૂર્ણ સાથે સરખા ભાગે લેવાથી દમમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

માણસને ઈશ્વરે તેનાં પૂર્વજન્મોના કર્મો પ્રમાણે જે કંઈ આપ્યું છે. એમાં સંતુષ્ટ રહેવું જોઈએ, પરંતુ લોકો તો મંદિર-મસ્જિદમાં 'ઉઘરાણી'નું લીસ્ટ લઈને જ જાય છે અને ભગવાનને પણ 'હપ્તા' બાંધીને પ્રાર્થના કરે છે. જીવનમાં સંતોષ હોવો જરુરી છે.

રાજાનો નિયમ હતો - સવારે ચાલવા જાય ત્યારે કોઈ ભિક્ષુક મળે તેને 'સંતોષ' થાય એટલું દાન આપે. માગનારના ચહેરા પર સંતોષ દેખાય અને જીભથી 'સંતુષ્ટ' કહે ત્યારે જ રાજાને પણ સંતોષ થતો.

રાજાને એક ભિક્ષુકને તાંબાનો સિક્કો આપ્યો - તે ખૂશ થયો પણ સલામ ભરવા જતાં સિક્કો તો બાજુમાંથી વહેતાં નાળાંમાં પડી ગયો. તેણે રાજા તરફ દયામણી નજરે જોયું - રાજાએ તેને ચાંદીનો સિક્કો આપ્યો - તે ખિસ્સામાં મૂકી ભિક્ષુક નાળાંમાં પડેલો તાંબાનો સિક્કો શોધવા લાગ્યો. રાજાએ તેને 'સંતોષ' નથી થયો એમ સમજી 'સોના'નો સિક્કો દીધો - પણ ભિક્ષુક તો એ સિક્કો લઈને પણ ફરી નાળાંમાં કુદ્યો.

માણસનો સ્વભાવ ખોટાં જીવન ધ્યેયો પાછળ પડી જીવન વેડફી નાખવાનો જ છે જે મળ્યું છે એમાં એને કદાપિ સંતોષ થતો નથી જ.

# આર્થિક અરાજકતા તરફ ધકેલાઈ રહેલો દેશ

નોટબંધીનાં બે અઠવાડિયાં પછી પણ એથી ઊભી થયેલી અરાજકતા અને સમસ્યાઓનો ઉકેલ આવી શક્યો નથી. નોટબંધીના પેનિકથી સેંકડો માણસોએ જીવ ગુમાવ્યો છે. વડાપ્રધાન પાર્ટીની સંસદીય પાંખ આગળ એમની મનની વાત મોકળાશથી રજૂ કરતાં કરતાં વારંવાર ભાવુક બની ગયા એથી લોકોના પ્રશ્નો ઉકેલાઈ ગયા નથી. હવે તો ખુદ નાણાંમંત્રી જેટલી સુધ્ધાં વડાપ્રધાનના આ ક્રાંતિકારી નિર્ણયથી છેલ્લી ઘડીએ વાકેફ કરાયા હોવાની કબૂલાત કરે છે. મતલબ કે નિર્ણય એટલી હદે ગોપનીય હતો કે એ માત્ર નરેન્દ્ર મોદી અને ઉર્જિત પેટલ જ જાણતા હશે. જે હોય તે - પણ એની અપેક્ષિત ફળશ્રુતિ તો અંધાધૂંધીમાં જ અટવાઈ ગઈ છે. સમાજના દરેક વર્ગને આ મોદી-આંચકો કોઈને કોઈ સ્વરુપે નડ્યો છે. ખેડૂતોનો માલ તૈયાર પડ્યો છે, સામે માર્કેટ યાર્ડો બંધ પડ્યાં છે. પશુપાલકો એમની જીવનધારા સમું દૂધ ભરાવવા સહકારી ડેરીએ જાય છે, પણ ચુકવણું થતું નથી. લગ્નની મોસમ શરૂ થઈ છે પણ કંકોતરી બતાવ્યાં છતાં નાણાં મળતાં નથી. બેન્કો કહે છે : અમારી પાસે કૅશ હોય તો તમને આપીએ ને? રિઝર્વ બેંક છાશવારે નવી નવી રાહતો જાહેર તો કરતી રહે છે પણ નવી નોટોનો પ્રવાહ એટલી ઝડપે બેંકો તરફ કયાં વહેવડાવી શક છે? રોજે રોજ પિતા એની લાડલીનાં લગ્ન લેવાયા પછી સરખી વ્યવસ્થા નહીં કરી શકાયાના કારણે મોત વહાલું કરે છે. જયાં શરણાઈઓ વાગવાની હતી ત્યાં મરશિયા ગવાય છે. આ બધું ત્યાર સુધીના કોઈ પણ શાસનમાં નહોતું બન્યું તે હકીકત તો નોંધવી જ રહી. કદાચ મોદીને પણ મોડે મોડે અંદાજ આવી ગયો છે કે આવડા મોટા દેશમાં જયાં એંશી ટકા વ્યવહાર મોટી નોટોમાં થતો રહ્યો છે ત્યાં એકાએક કશા જ પૂર્વ આયોજન વગર કાળાં નાણાં પર નિયંત્રણ મેળવવા આવું ઓચિંતું પગલું ભરવામાં કંઈક કાચું તો કપાયું જ છે. એ જુદી વાત છે કે મુદ્દો કાળા નાણાં પર અંકુશ મેળવવાનો અને ત્રાસવાદ અટકાવવાનો હોઈ પ્રજા શાંત રહી છે. જો કે કાળાં નાણાંને ધોળાં કરવામાં માહેર લોકો તો શરુઆતના દિવસોમાં જ ખેલ પાડી દઈ તમાશો જોઈ રહ્યા છે. મૂળે મોદીએ એમના 'મિશન ઉત્તરપ્રદેશ' નિમિત્તે આ માસ્ટર સ્ટ્રોક ફટકાર્યો હોવાનું હવે તો ખુદ એમના કટ્ટર સમર્થકો પણ સ્વીકારે છે. ગામડામાં સહકારી બેંકોનો દબદબો છે, અને એ બેંકો મારફત નેતાઓ


**તંત્રીસ્થાનેથી...**

ધાર્યાં નિશાન પાડી શકે એમ છે. શરુઆતમાં ત્રણ-ચાર દિવસ પછી એ બેંકોને જૂની નોટો સ્વીકારવાની મનાઈ ફરમાવતાં ગામડાં નાણાંકીય કટોકટી અનુભવી રહ્યાં છે. ભાજપના સહકારી આગેવાનો પણ રિઝર્વ બેંક સામે બાંયો ચડાવી રહ્યા છે. કોંગ્રેસ માટે આ પ્રશ્ને ગ્રામીણ પ્રજામાં નવેસરથી એન્ટ્રી મારવાની સોનેરી તક ઊભી થઈ છે. એથી એ સાચવી સાચવીને કાળાં નાણાં વિરુદ્ધના અભિયાનને સમર્થન આપે છે અને નિર્દોષ નાગરિકો પર આવી પડેલી આફત માટે મોદીને ગુનેગાર ઠેરવે છે. કેજરીવાલ નોટોને બદલે વડાપ્રધાનને જ બદલી નાખવાની વાત કરે છે. મોદી ટ્વિટર પર અભિપ્રાય મંગાવે છે પણ ગામડાના કેટલા લોકો ટ્વિટર વાપરે છે? પ્રચારતંત્ર મારફત પોતાના આ પગલાને લોસમર્થન હોવાનું તો મોદી જરૂર સિદ્ધ કરી શકશે, પણ દેશની ઈકોનોમીને આટલા સમયગાળામાં જે અબજો રૂપિયાનું નુકશાન પહોંચ્યું છે તે કઈ રીતે ભરપાઈ થવાનું છે? ખેડૂત અને ખેતમજૂરથી લઈ મોટા બિઝનેસમેનો અને બિલ્ડરો નવરા થઈ ગયા છે. મોરારજી દેસાઈની નોટબંધીથી આમાંનું કંઈ જ થયું નહોતું, તે યાદ કરવું જ રહ્યું.

# ન્યુમોનિયા - આટલું જાણવું જરૂરી છે




અમુક રોગો એવા હોય છે જે ખૂબ કોમન હોય છે અને જેના નામથી આપણે પરિચિત હોઈએ છીએ, પણ આ રોગોની વધુ ડીટેઈલ આપણને ખબર હોતી નથી. ઉદાહરણ તરિકે ન્યુમોનિયા. આ ઘાતક રોગનું નામ આપણાથી અજાણ્યું નથી, તેના વિષે થોડીઘણી માહિતી કદાચ ખબર હોય, પણ કદાચ જે જાણવી જરૂરી હોય તેવી માહિતીઓથી આપણે અવગત થવું પડે. આજે અમુક એવી મહિતીથી પરિચિત થઈએ.




ન્યુમોનિયા શું છે?

ન્યુમોનિયા એક એવો રોગ છે જેમા આપણા ફેફસામાં સોજો (ઈન્ફ્લામેશન) આવે છે. આપણા ફેફસામાં નાની-નાની બલૂન જેવી રચના હોય છે, જેને એલ્વીઓલસ કહે છે. આ એલ્વીઓલસ આપણા શરીરમાં ઓક્સીજન અને કાર્બન ડાયોક્સાઈડના એક્સચેંજ માટે જવાબદાર એવા મૂળભૂત એકમ છે. ન્યુમોનિયામાં આ એલ્વીઓલસમાં સોજો અને પસ (પરૂ) થઈ જાય છે.

ન્યુમોનિયા એ બેક્ટેરીયા અને વાઈરસજનિત રોગ છે. ખાસ કરીને ન્યુમોકોકસ નામના બેક્ટેરીયાથી થતા આ રોગનો ભોગ નાના બાળકો અને વૃધ્ધો વધુ બને છે. વિશ્વમાં કુલ વસ્તીના ૬-૭% લોકોને ન્યુમોનિયા થયેલ છે અને વિકાસશીલ દેશોમાં અનેક લોકોનો ભોગ લે છે.

ન્યુમોનિયાના લક્ષણો:

- એકાએક ઠંડી સાથે તાવ આવવો. કફ અને શરદી થવા
- પડખા, પીઠ અને છતીમાં દુખાવો થવો
- ગળફા સાથે ખાંસી આવવી. ગળફાનો રંગ લીલો, પીળો અથવા સફેદ હોવો
- શ્વાસ લેવામાં જોર પડે અને બેચેની જેવું લાગે

ન્યુમોનિયાના કારણો:

- રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી
- તમાકુ- સિગરેટના વ્યસનથી
- વધુ ભારે ખોરાક લેવાથી
- ગંદા અને ભેજવાળા હવામાનમાં રહેવાથી અને નાકમાં ધૂળ અને કચરો જવાથી આ બધા કારણો ફેફસાને નબળા પાડે છે અને પરિણામસ્વરૂપે બેક્ટેરીયા-વાઈરસનો ચેપ લાગે છે. ન્યુમોનિયામાં ધ્યાન રાખવા જેવું: - ઉકાળેલું પાણી પીવું - હળવો ખોરાક લેવો - ગરમ વાતાવરણમાં રહેવું તથા દર્દીએ ગરમ વસ્ત્રો પહેરી રાખવા - ગળફાનો યોગ્ય નિકાલ કરવો અને ચેપનો ફેલાવો અટકાવવો - કબજીયાત ન થાય તેની કાળજી રાખવી.

ન્યુમોનિયાના ઉપચારો:

સૌ પ્રથમ દર્દીને ઈમરજંસી ચિકિત્સા સ્વરૂપે હોસ્પીટલમાં ખસેડવી અને ઍંટીબાયોટીક આદિ જરૂરી સારવાર શરૂ કરવી

આ સાથે આયુર્વેદમાં અમુક ઔષધોનો ઉપયોગ કરી શકાય જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારે છે, ઈંફેક્શન ઘટાડે છે અને વ્યક્તિને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે

-હળદરને મધ સાથે ચાટવી, અથવા હુંફાળા પાણી સાથે લેવી - તુલસીના પાન અને મરીને ગરમ પાણીમાં ઉકાળીને લેવા - મહાસુદર્શન ચુર્ણ, ત્રિકટુ, પિપ્પલી, અરડુસી, લક્ષ્મીવિલાસ રસ, શ્વાસકાસ ચિંતામણી રસ, આરોગ્ય વર્ધિની વટી, ત્રિભુવન કિર્તી રસ આદિ આયુર્વેદના અદ્ભૂત અસરકારક ઔષધો અને ઔષધયોગોનો વ્યક્તિની પ્રકૃતિ અને બળ પ્રમાણે નિયત માત્રામાં ઉપયોગ કરી શકાય આયુર્વેદનો મૂળ સિધ્ધાંત 'પ્રીવેન્શન' છે. એટલેકે રોગોને આવતા અટકાવવા.

આ ઔષધોમાંના અમુક તો આપણા ઘરમાં જ રહેલા હોય છે. તેનો નિયત માત્રામાં નિયમીત ઉપયોગ કરવામાં આવે તો ન્યુમોનિયા કે તેના જેવા બીજા રોગોને ભોગવવાનો વારો જ ન આવે.

# એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય




શરુઆતના લેખોમાં મેં એક લેખના અંતે ગની દહીંવાળાનું નીચલું ગીત રજૂ કર્યું હતું.

મોરલાને વેઠ્યો ન જાય વરસાદમાં,
ઘેનની ઘૂંટી પાઈ રોમ રોમ આ રાતમાં
રાખી શકાય મરજાદમાં? મોરલાને...

એ લેખમાં લખ્યું હતું કે ગુજરાતી ભાષાના ઉત્તમ શાયર ગની દહીંવાળાએ એમની બળકટ ગઝલો જેવા જ પાસાદાર ગીતો પણ લખ્યા છે. એમનું એક ગીત 'ભિખારણ ગીત મજાનું ગાય' ગમે તેવા હૈયાને સૂનમૂન કરી દે તેવું છે. એ લેખનો વિષય વરસાદમાં ગાતા-નાચતા મોરલાને હતો એટલે પછી કેવળ મોરની જ વાતો કરવામાં આવી હતી અને ઉપર જણાવેલું ગીત રજૂ કર્યું હતં. પરંતુ આજે હૃદયને વરસાદથી કયાંક વાછટ અડી નથી. કાનને મોરના, કોયલના, ચકલીના, અરે કાગડાના કંઠનો પણ લહાવો મળ્યો નથી. આજે નજર સામે કોઈ મંદિરના પગથિયે, કોઈ ચાર રસ્તાના ભીડભર્યા ખૂણે, કોઈ રેલવે-બસ સ્ટેશનના દરવાજે દયાની ભીખ માંગતો કરુણ ચહેરો તરવરી ઉઠ્યો છે, ત્યારે થાય છે કે ગનીભાઈની આ ચિત્રાત્મક રચના તમને સંભળાવી જ દઉં. ગીતનું શીર્ષક છે. 'ભિખારણનું ગીત.' એનો ઉપાડ ગનીભાઈએ કેવો અદ્ભૂત કર્યો છે તે જુઓ :

ભિખારણ ગીત મજાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મજાનું ગાય.

અહીં કવિએ કેવો જબરદસ્ત વિરોધાભાસ રચ્યો છે. ભિખારણની આંખોમાં તેના દુ:ખ અને દર્દ, કદાચ ભૂખના કારણે ઝળઝળિયા આવી ગયા છે ત્યારે એના મધુર ગાયનના કારણે આપણાં કાનોમાં અમૃત રેડાઈ રહ્યા છે અને આપણને એવું લાગે છે કે ભિખારણ મજાનું ગીત ગાઈ રહી છે. જરા સાંભળો, એ શું કહી રહી છે?

'મારા પરભૂ મને મંગાવી આપજે સોના-રૂપાના બેડલાં,
સાથે સૈયર હું તો પાણીએ જાઉં, ઉડે આભે સાળુના છેડલાં.'
એના કરમાંહે છે માત્ર,
ભાંગ્યું-તૂટ્યું ભિક્ષાપાત્ર.
એને અંતર બળતી લા'ય;
ઊંડી આંખોમાં દેખાય.
એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય,
ભિખારણ ગીત મજાનું ગાય.

અહીં પણ ગનીભાઈએ બેમિસાલ વિરોધાભાસ જમાવ્યો છે. એક બાજુ એ પરભૂને સોના-રૂપાના બેડલાં આપવા પ્રાર્થના કરે છે અને એવાં બેડાં માથે મૂકી સરખી સાહેલીઓની સાથ પાણી ભરવા જતી હોય અને તોફાની વાયરાના અડપલાથી એના સુંદર સાળુંનો છેડલો આભે ઊડતો હોય. એવું સપનું નિહાળે છે, પણ હાથમાં તો એક ભાંગ્યું-તૂટયું એલ્યુમિનિયમનું જૂનું ગંધાતું વાસણ. કંઠ ગીત ગાય છે. પણ અંતરમાં લા'ય છે. જે એના હૈયાને પળ પળ પળ દમી રહી છે. પહેલી કડીમાં એણે ઈશ્વર પાસે સોના-રૂપાનાં બેડાં માંગ્યા, હવે બીજી કડીમાં શું યાચે છે તે જુઓ. ગનીભાઈની અડખે-પડખે વિરોધી રંગના કટકા સિવવાની કળા અહીં પણ યથાવત છે.

'મારા પરભૂ મને મંગાવી આપએ અતબસ અંબરનાં ચીર,
પે'રી-ઓઢીને મારે ના'વા જવું છે. ગંગા-જમાનાને તીર.'
એના કમએ સોં સો લીરા,
માથે ઊડતા ઓઢણ-ચીરા.
એની બળતી ઢળતી કાય;
કેમે ઢાંકી ના ઢંકાય.
ગાતી ઊંચે સાદ ત્યારે ધાંટો બેસી જાય.
ભિખારણ ગીત મજાનું ગાય.

થોડીક આડી વાત, લગ્ન-ગાળો છે. ઘણી કન્યાઓ લગ્નના કપડાંની ખરીદીમાં મશગૂલ હશે. ઘણી દીકરીઓ જયારે કેવળ એક જ વાર પહેરવાની ગરબામાં ઘુમવા માટે, દસ-દસ હજાર કે વીસ હજારની ચણીયા-ચોળી, ખરીદવા હઠીલી બને છે ત્યારે ફક્ત એક જ ક્ષણ માટે ભિખારણનું આવું ચિત્ર, એની નજર સમક્ષ ઉપસી જાય તો, એના પગ મોંઘાદાટ વસ્ત્ર ખરીદતા અચકાય કે નહીં? ઘણો સંવેદનશીલ પ્રશ્ન છે, એને તો પરણવાનું છે. લગ્નનો ઉમંગ છે. માફ કરવી પડે એને. પરંતુ આપણે મૂળ વાત પર આવી જઈએ.

ભગવાન પાસે માથે મૂકવા સોના-ચાંદીના બેડાં માંગ્યા, પહેરવાને અતલસના ચીર માંગ્યા, હવે બ્યુટી પાર્લરમાં ના જવાય તો કંઈ નહીં, આ માથું - મોઢું થોડુંક તો ઠીક કરવું પડે. ગનીભાઈ કોઈ વાત ભૂલતા નથી.

'શરત પૂનમનો ચાંદો પરભૂ મારે અંબોડે ગૂંથી તું આપ,
મારે કપાળે ઓલી લાલ લાલ આડશ ઉષાની થાપી તું આપ.'
એના શિર પર અવળી આડી,
જાણે ઊગી જંગલ - ઝાડી.
વાયુ ફાગણનો વિંઝાય;
માથું ધૂળ વડે ઢંકાય.
એના વાળે વાળે જુઓ બબ્બે હાથ ખણતી જાય,
ભિખારણ ગીત મજાનું ગાય.

આવું ગીત લખવા બદલ કવિને સલામ કર્યા વગર કઈ રીતે રહી શકાય? અલબત્ત, સલામ અવશ્ય કરજો, પણ એક વાર આખું ગીત ધીરા કંઠે ગાઈ જુઓ. એ પણ એક પ્રકારની સલામ છે. ઉમાશંકર જોશીએ લખ્યું હતું. 'આ એક ગીતમાં પણ કવિની કવિત્વશક્તિનો પૂરો પરિચય આપોઆપ મળી રહે છે.'

# તમારે ભાગે આવેલું કામ દિલ રેડીને કરવું એનું નામ ભક્તિ




કર્મનાં પ્રસ્વેદ બિંદુ ભાલ પર ચમકાવજે,
એ ચમકને ચૂમવા પ્રેમી પ્રભુજી આવશે!

નિત્ય નવયૌવના ધન્ય ધરીત્રીના ખોળે 'ખીલવાનું – ખૂલવાનું' સદભાગ્ય માનવજાતને સાંપડ્યું છે, પરંતુ આવો લ્હાવો લેતાં આવડે છે ખરો?! દોસ્તો! આ સૃષ્ટિ જીવવા જેવી લાગે છે (છોડવા જેવી નહિ!) એનું એક માત્ર કારણ રાત દિવસ માનવજાતની ચિંતા કરનારા પરોપકારી જનોની તપસ્ચર્યા જ છે!! જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે અપ્રતિમ વિકાસ ને નાવીન્ય જોવા મળે છે તે આવા અલગારી જીવોનું સમર્પણ છે. આપણી ચોપાસ આર્થિક – સામાજિક – ધાર્મિક ઉપરાંત આરોગ્ય – સંરક્ષણ – રાજકીય – વિજ્ઞાન વિષયક જે કાંઈ નવું નવું શોધતું રહ્યું છે. જેના પરિણામે માનવજાત સુખ – સાહ્યબીનો અહેસાસ માણી રહી છે. નિત નવી થતી રહેલી દુનિયા પાછળ માનવજાતના કલ્યાણમાં રત એવા પરોપકારીજનોના ત્યાગ અને તપ રહેલાં છે. આવા પરાર્થે જીવી જનારા તો આ સૃષ્ટિમાં અંશતઃ અપવાદરૂપ જ છે. માનવજાતની અહર્નિશ ચિંતા સેવનારા મુઠ્ઠીભર સંશોધકો – વૈજ્ઞાનિકો – સર્જકો – કીમિયાગરો જે ને હું પરમાર્થના ઈજનેરો ગણું છું. આ બધા આર્ષદ્રષ્ટા સર્જકો-વૈજ્ઞાનિકો તો આધુનિક જમાનાના ઋષિમુનીઓ જ છે. એમના થકી જ સૃષ્ટિની શોભા છે. આવા મહામનીષીઓ જ જગતમાં સૌંદર્ય ફેલાવવાનું કામ કરે છે. અપ્રગટ કુદરતી રહસ્યોના ભેદને ઉકેલી માનવજાતને સમર્થ ને શકિતશાળી બનાવી છે. આવા કર્મઠજનો એ જ દુનિયાની દોલત વધારી છે. પૃથ્વીના પંડમાં ધરબાયેલો ખજાનો કે સમુદ્રના તમોમય તળોનો તાગ મેળવી ભીતરી ભંડારોમાં છુપાયેલા રત્નો જગતને ચરણે ધર્યા છે.

કુદરતમાં છુપાયેલી અપાર શક્યતાઓને સાકાર કરી માનવજાતને સુખચેન બક્ષ્યાં છે. સ્વપ્નવત જણાતી કાલ્પનિક બાબતો પણ આજે આંખ આગળ સાક્ષાત થતી નિહાળીએ છીએ.... આ બધાની પાછળ પેલા પરમાર્થના સાધકો – ઈજનેરોની જીવનનિષ્ઠા જવાબદાર છે...... કોઈ નવી ચીજવસ્તુ કે કશુક નવું આવ્યાના સમાચાર જણાતાં જ આ પરાર્થી જીવોને મનોમન વંદન કરી લઉં છું!!!

મિત્રો, કુદરતી પ્રકોપ – ધરતીકંપ – અનાવૃષ્ટિ – અતિવૃષ્ટિ - સમુદ્રી તોફાનો – વાવંટોળ – અતિઠંડી – અતિગરમી – રોગચાળો જેવી અણધારી આફતોમાંથી જગતના જીવોને સુરક્ષા પૂરી પાડનારા અદ્યતન ઉપકરણો આવા પરોપકારી જીવોએ જ શોધ્યા હોય છે.... માનવજાતનું કલ્યાણ વાંચ્છનારા આ પરમાર્થના ઈજનેરો તો મનુષ્યો અન્ય પરત્વે કૂણી લાગણી દાખવે અને જગતમાંથી દુ:ખો દૂર થાય એ માટે સતત મથતા હોય છે.... આપણે ઘણીવાર એવું માનીએ છીએ કે જીવ અને શિવ વચ્ચે બહુ મોટું અંતર છે..... પરંતુ એ વાત સદંતર ખોટી છે... જીવને શિવની સમીપ લાવવો, શિવને જીવની અંદર લાવી મુકવાનું દેવતાઈ કામ કરનારા આ પરમાર્થના ઈજનેરો જ છે. આપણા માનવજીવનનું સાર્થક્ય આવા 'પરમાર્થના ઈજનેર' બનવામાં જ રહેલું છે...

દોસ્તો, રખે એવું માનતા પરમાર્થમાં પાયમાલ થવાય.... ભલાઈ કરનારા કદીયે ભૂખે મરતા નથી.... આ પરમાર્થી જીવોને તો આનંદ... આનંદ ને આનંદનું જ મહેનતાણું મળે છે... અને ધન,માન,સુખ,કીર્તિ,તંદુરસ્તી,આત્મિક સંતોષ અને જિંદગીની સાર્થકતા તથા ખુદ ઈશ્વર પોતે જ આ બધું જ આનંદમાં આવી જાય છે. બોલો, આનાથી વિશેષ કઈ જરૂર ખરી?!!

મિત્રો, આવા પરમાર્થી જીવ કે પરમાર્થના ઈજનેર થવું કઈ મોટી વાત નથી. કારણ કે ઈશ્વરે આપણને બુદ્ધિ આપી છે અને અનુકૂળ જમાનો છે. બસ.... માત્ર જરાક વધારે મહેનત કરીએ, જરાક વધારે લાગણીથી કામ કરીએ, જારક વધારે ઊંડા ઉતરીએ, સ્વમાનભેર જરાક વધારે સ્વાભ્માની થઈએ.... જરાક વધારે ઉદારતા, હિંમત, અભ્યાસ, દ્રઢતા અને ઉત્સાહ રાખીએ, જરાક વધારે અગવડો ભોગવી લેવાની ટેવ પાડીએ, જરાક વધારે બીજાને મદદ કરીએ, જરાક વધારે નવું નવું વાંચીએ, જરાક મોજ-શોખ ઓછા કરીએ, વસ્તુઓની અને આપણી પોતાની જરાક વધારે કિંમત સમજીએ, કર્તવ્ય બજાવવામાં જરાક વધારે મજબૂત બનીએ, જરાક વધારે આત્મિકબળનો ઉપયોગ કરીએ, અંતઃકરણને જરાક વધારે ખૂલ્લું રાખીએ.. જરાક વધારે ઈશ્વરની નજીક રહીને કામ કરીએ તો અબઘડી શક્ય બની જાય.. પંડમાં પારસ પડ્યો છે.... વાવરી જાણે તે બડભાગીયો!!

આટલું જો કરતા થઈએ તો સંસાર સ્વર્ગ બની જાય... કથીર કંચન બની જાય.... જે કૃષ્ણમૂર્તિ સાચે જ કહેતા 'તમારે ભાગે આવેલું કામ દિલ રેડીને કરવું એનું નામ ભક્તિ' પૂ.પાંડુરંગ શાસ્ત્રીએ પણ 'કર્મ કુશળતા ઈશ્વરને ચરણે ધરવાની વાત વહેતી કરી' આ જો સમજીશું તો સંસારના બધા જ ઉત્પાતો શમી જશે. વેદોનો ઉદઘોષ છે, 'એકલા નહિ, સૌ સાથે આગળ વધીએ.'

દોસ્તો, આ માત્ર કપોળ કલ્પિત કલ્પના જ નથી... વાસ્તવદર્શન છે... આપણે જ આપણી જાતને બુલંદ બનાવવી પડે. નકારાત્મકતાને અનિર્ણયાત્મકતામાંથી બહાર નીકળી પ્રામાણિક ને પારદર્શી બનવા પ્રયાસ કરીએ તો આ સત્ય લાધશે....

***સ્પર્શમણિ :***

| | |
|---|---|
| સપનાં – વધારે જુઓ | ★ ફરિયાદ – ઓછી કરો. |
| સાંભળવું – વધારે રાખો | ★ બોલવાનું – ઓછું રાખો. |
| પ્રેમ – વધારે કરો | ★ દલીલબાજી – ઓછી કરો |
| આશા – વધારે રાખો | ★ ભય – ઓછો રાખો |
| શાંતિ વધારે જાળવો | ★ ચિંતા ઓછી કરો |
| વિશ્વાસ – વધારે કરો | ★ શંકા – ઓછી કરો. |

- તમારી પાસે પૈસા – ગાડી – બંગલા થઈ જવા એ તમારા જીવનની સફળતા નથી.

તમારી પાસે આવીને બેસનારની સંખ્યા દરરોજ વધતી જાય એ તમારા જીવનની સાચી સફળતા છે.